# पांचे समवाय : पर्यायरूप !

श्री दिगम्बर जैन जगतमां पूज्य गुरुदेवश्री कानजीस्वामी, निश्चय-व्यहार, उपादान-निमित्त अने क्रमबद्ध—अे पांच महासिद्धांतनो जैन-जगतमां शंखनाद फूंकनार तरीके वर्तमानमां तो जगविख्यात छे ज परंतु आ पांच महासिद्धांतो दिगम्बरधर्मना अध्यात्मनो आधारस्तंभ होवाथी पंचम आराना अंत सुधी आ सिद्धांतो उजागर रहेशे अेटले ते सिद्धांतोना प्रखर प्रचारकना रूपमां पूज्य गुरुदेवश्री पांचमा आराना अंत सुधी सुप्रसिद्ध रहेशे.

आ पांच महासिद्धांतोनी पवित्र ज्ञान-गंगामां स्नान करीने मुमुक्षु समाज पोताने धन्य थई गयानी अनुभूति करे ते तो स्वाभाविक ज होय. तदुपरांत 'आबाळ-गोपाळ सौने सदाकाळ जाणनारो जणाई रह्यो छे', 'स्वपरप्रकाशकस्वभाव वडे सदाय स्वने जाणी रह्यो छे', तथा 'दरेक द्रव्यनी दरेक समयनी पर्याय सत् होवाथी अहेतुक छे—तेना उत्पादव्ययनुं नथी कारण द्रव्य-गुण के नथी कारण निमित्त—तेथी पर्याय पोताना षट्कारकोथी स्वतंत्र परिणमे छे'—अेम स्वतंत्रतानी घोषणा वडे अध्यात्मपिपासु जिज्ञासुओने अकर्तास्वभाव लक्षगत् करावीने जाणे के तेओश्रीअे अमने मोक्षमार्गना राहगीर–पथिक बनावी दीधा होय तेम तेओश्री प्रति उपकृत अहोभाव प्रवर्ते तेमां शुं आश्चर्य !

पर्यायनी स्वतंत्रता भास्या विना द्रव्यस्वभावनी दृष्टि थवी असंभवित छे केम के द्रव्यस्वभाव स्वयं अकर्ता स्वभावी छे; तेथी पर्याय पोताना षट्कारकोथी स्वतंत्र परिणमी रही छे ते समजाशे तो ज पर्यायनुं कर्तृत्व छूटशे अेटले के तो ज हुं पर्यायमात्रनो अकर्ता ज्ञायक छुं अेवी प्रतीति उदित थशे. तेथी ज तेओश्रीना प्रवचनोमां अनेक हजारो वार पर्यायनी स्वतंत्रतानी घोषणा थती रहेली. प्रत्येक द्रव्यनी प्रत्येक समयनी पर्याय पोताना स्व-अवसरे पोताना षट्कारकोथी परिणमवामां पोताना द्रव्य-गुण तो कारण नथी अने निमित्त पण कारण नथी छतां अे पर्यायनुं स्वतंत्र परिणमन त्यारे ज थतुं होय छे के ज्यारे पांचेय समवाय आवी मळे. स्वभाव, पुरुषार्थ, भवितव्यता, काळलब्धि अने निमित्त.—आ पांचेय समवाय–कारणो आवीने मळे त्यारे पर्यायनुं परिणमन थाय. पर्यायना परिणमनमां द्रव्य-गुण के परद्रव्य तो कारण थतुं नथी तेथी पर्यायना परिणमनमां जे पांच समवाय कारणो छे ते पण पर्यायरूप ज होय, द्रव्यरूप-गुणरूप के परद्रव्यरूप कारण न होय, अर्थात् पांच समवायो पर्यायरूप होय, निमित्त अकिंचित्कर समवाय छे अेटले के निमित्तरूप परद्रव्यनी पर्याय सद्भावरूप के अभावरूप मात्र उपस्थित होवारूप अकिंचित्कर कारणरूप होय छे. बाकीना चार समवायोमां अेक स्वभाव सिवाय त्रण तो पर्यायरूप प्रतिभासे ज छे परंतु स्वभाव समवाय द्रव्यरूप छे के पर्यायरूप छे ?—ते समजवा जेवुं छे. विचारीअे—

स्वभाव कहेतां द्रव्य ज होवानुं प्रतिभासित थाय. मानी लईअे पांच समवायमां स्वभाव छे ते द्रव्यरूप छे; तो पर्यायना स्वतंत्र परिणमनमां द्रव्य-गुण पण कारण नथी अे महासिद्धांतनुं खंडन थई जशे. वळी पांच समवायमां निमित्तनी पर्याय निमित्तकारणरूप छे ने बाकीना चारे समवाय उपादान कारणरूप छे. अेनो अर्थ अे थयो के स्वभावने द्रव्यस्वभाव मानवा जतां पर्यायनुं उपादानकारण द्रव्य थयुं. अर्थात् पर्याय पोताना षट्कारकथी स्वतंत्र परिणमे छे जेनुं कारण द्रव्य-गुण पण नथी अे सिद्धांतनुं खंडन थयुं! पर्यायनो कर्ता द्रव्यस्वभाव सिद्ध थता ज्ञायकना अकर्तास्वभावनुं खंडन थयुं!—याद रहे अत्रे अध्यात्मनी सूक्ष्मचर्चाथी विचारीअे छीअे; द्रव्य-पर्याय बे भिन्न-भिन्न टूकडा मानीने चर्चा नथी; द्रव्य-पर्यायनी स्वतंत्रतानी गहनताना संदर्भमां विचारीअे छीअे.—स्वभाव विना कार्य थाय? अरे भाई! स्वभाव विना तो कार्य थवानी कल्पना पण संभवे नहीं, अरे! स्वभाव शुं, बीजा चारे समवायमांथी अेकनी पण उपस्थिति विना कार्य संभवे नहीं, पर्यायनुं परिणमन थाय नहीं. परंतु अहीं विचारणीय बाबत अे छे के पांच समवायमां जे स्वभाव समवाय छे ते द्रव्यरूप छे के पर्यायरूप छे.

अत्रे विचारणा अे चाले छे के पोताना षट्कारकोथी स्वतंत्रपणे परिणमती प्रत्येक समयनी पर्यायनुं परिणमन त्यारे ज थाय छे के ज्यारे पांचेय समवाय आवीने मळे. वळी पर्यायना परिणमननुं कारण द्रव्य-गुण न होवानुं स्वीकार्युं होवाथी पांचेय समवाय पर्यायरूप ज होई शके तो पछी स्वभाव समवायनुं शुं?

स्वभाव बे प्रकारना होय छे : द्रव्यस्वभाव अने पर्यायस्वभाव. ज्यारे प्रमाणना द्रव्यनी चर्चा होय त्यारे द्रव्यनुं परिणमन थवामां कारणरूप तेनुं द्रव्य होय छे. परंतु अकर्ता ज्ञायकनी दृष्टि करवाना प्रयोजनपूर्वक पर्यायनी स्वतंत्रतानी पराकाष्टाअे पहोंचवानी चर्चामां पर्यायनुं परिणमन थवामां पांचेय समवाय–चाहे उपादानरूप हो के निमित्तरूप हो–पर्यायरूप होय तो ज पर्यायनुं सत् अहेतुकपणुं सिद्ध थवाथी पर्यायना कर्तृत्वनुं लक्ष छूटीने अकर्तास्वभावनुं लक्ष थई शकशे. जोके पांच समवायनी सामान्य चर्चामां स्वभाव समवायने द्रव्य-पर्यायने अभेद करीने स्वभावने द्रव्यरूपे प्ररूपणा करवामां आवी शके छे, तोपण पर्यायनी स्वतंत्रतानो ताग लेवामां स्वभाव समवाय पर्यायरूप स्वभाव होवानुं समजी शकाय छे.

पांच समवायमां पर्यायरूप स्वभाव अेटले शुं? दृष्टांतथी विचारीअे—

पूज्य गुरुदेवश्री कानजीस्वामीनो तीर्थंकर थवानो स्वभाव छे. तेओ तीर्थंकरनुं द्रव्य छे अेम द्रव्य-पर्यायनी अभेदताथी कहेवाय छे. पूज्य गुरुदेवश्रीना आत्मानो स्वभाव तीर्थंकररूप मानवा जईशुं तो अनंता आत्माओनो स्वभाव चाहे अनंता सिद्ध परमात्मा हो के अनंता संसारी आत्मा हो, बधानो स्वभाव समान ज होय, तेथी अनंता जीवो

પણ તીર્થંકરત્વયુક્ત માનવા પડશે! અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીની પર્યાયનો સ્વભાવ તીર્થંકરનો છે. પર્યાયનો સ્વભાવ તીર્થંકરરૂપ હોવા છતાં અર્થાત્ એક સ્વભાવ સમવાય મોજૂદ હોવા છતાં બાકીના ચારેય સમવાય ભેગા મળશે ત્યારે પાંચમું સમવાય–તીર્થંકરત્વ ભેગા થઈને પૂજ્ય ગુરુદેવશ્રીની પર્યાયમાં તીર્થંકરત્વપણું પરિણમશે.

પાંચેય સમવાય પર્યાયરૂપ હોવા છતાં પાંચેયની પોતાની વિશિષ્ટતા છે. નિમિત્તરૂપ સમવાય પરદ્રવ્યની જ પર્યાય હોય, એક જ દ્રવ્યના અન્યગુણની પર્યાયને પાંચ સમવાયમાં નિમિત્તરૂપ સમવાય નથી ગણવામાં આવતી પરંતુ અન્ય પરદ્રવ્યની પર્યાયને નિમિત્તરૂપ સમવાયમાં લેવાય છે અને તે પર્યાય સદ્ભાવરૂપ પણ હોઈ શકે ને અસદ્ભાવે પણ હોઈ શકે છે. બાકીના ચારેય સમવાયની પર્યાય સદ્ભાવરૂપ જ હોય છે. બીજી વિશેષતા એ છે કે સ્વભાવ-સમવાય સિવાયના ચારેય સમવાય જે પર્યાયનું જે સમયે પરિણમન થવાનું હોય તે સમયે જ તેનું અસ્તિત્વ હોઈ શકે, વહેલું નહીં. પરંતુ સ્વભાવ સમવાયને કાળનું બંધન લાગુ પડતું નથી. અર્થાત્ બાકીના ચારેય સમવાયની હયાતી ન હોય અને પર્યાયનું પરિણમન પણ ન હોય છતાં તેનો સ્વભાવ સમવાય હોય છે. દા.ત. બાળકીનો જન્મ થતાં ‘આ બાળકીનો માતા બનવાનો સ્વભાવ છે.’’ ત્યાં તે બાળકીનો સ્વભાવ પિતૃત્વનો નથી પણ માતૃત્વનો છે અને તે પર્યાયરૂપ સ્વભાવ સમવાય વર્તમાનમાં હયાત છે. પરંતુ માતૃત્વપણે પરિણમન તો ત્યારે જ થશે કે જ્યારે બાકીના ચારેય સમવાય આવીને ભેગા થશે.

એટલે કે પર્યાયનું પરિણમન ન હોવા છતાં સ્વભાવ-સમવાયનું અસ્તિત્વ હોય છે. એ રીતે સ્વભાવ-સમવાયને ‘તત્સમયપણું’ લાગું પડતું નથી.

નિષ્કર્ષ એ કે પર્યાયગત્ પાંચેય સમવાય વડે પરિણમતા પર્યાયના પરિણમનને ન તો પોતાના દ્રવ્ય-ગુણના કારણપણાની અપેક્ષા છે કે ન તો નિમિત્ત-પરદ્રવ્યની પરાધીનતા છે. પર્યાયના પરિણમનની આવી સ્વતંત્રતાની પરાકાષ્ટા સમજમાં આવતાં સત્ અહેતુક સ્વતંત્રપણે પરિણમતી પર્યાયનો હું કર્તા નથી પરંતુ માત્ર જ્ઞાતા છું એમ અકર્તૃત્વ સ્વભાવી જ્ઞાયકની દૃષ્ટિ ઉદિત થાય છે. એવી ભાવના સહ....